

# શ્રી સત્યનારાયણ વ્રત કથા

(પદ્ય રૂપાંતર)

•

રચયિતા
ગણપતિશંકર ઉપાધ્યાય
(પાપીગણુ)

# અંતરની પ્રાર્થના

કલ્પવૃક્ષ કનૈયાના પાદમૂળે વસી નર,
કરે જે પ્રાર્થના પોતે ફળે તે સદ્ય નિશ્ચય.

વાણીઓ પ્રેમથી ભીની ગમે છે પ્રભુને ખરે,
બાળની તોતડી વાતો માતાને મનભાવતી.

હરે રામ હરે રામ રામ રામ હરે હરે,
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

પ્રાર્થના સ્તુતિમાં મારે માત્ર શ્રીહરિનામ છે,
વદવા શક્તિ ના હોયે એથી બાળકને વધુ.

પરંતુ પ્રભુ પોતે તો પરમાનંદ માનતા,
સાંભળે પ્રેમથી પોતે પ્રાર્થના બાળની સદા.

પાગલ પરમાનંદ પરમહંસ

મુદ્રક : અંબિકા પ્રિન્ટર્સ
(૦૭૯-૨૫૪૫૩૯૦૪)

ગ્રાફિક્સ : શ્રી રવીશ રાજેન્દ્ર ઉપાધ્યાય
**'રાહ-રંગપ્રેમની'**
(૦૨૬૯૨-૨૪૯૪૫૫)

પ્રકાશક : પ્રેમજયંતી સમિતિ
અમદાવાદ.
મો. ૯૮૨૪૫ ૦૪૨૦૬.

આવૃત્તિ : ત્રીજી
આસો વદ સાતમ, ૨૦૬૩.
ગુરુવાર, તા. ૧-૧૧-૨૦૦૭.

**શ્રીગુરુલીલામૃત અમૃતવર્ષ સમાપ્તિ પર્વ**

પ્રત : ૫૦૦

**પાંચ રૂપિયા**

# પ્રકાશકનું નિવેદન

અમારું મૂળ ગામ વાંસદા. રજવાડી ગામ. ત્યાં શ્રીસત્યનારાયણની કથામાં ગોર પૂજા કરાવે અને પુરાણી કથા વાંચે. અમારા પિતાશ્રી પૂ. ગણપતિશંકર ઉપાધ્યાય (**પાપીગણુ**) આવા પુરાણી હતા.

અનેક વર્ષો એમણે સત્યનારાયણની કથા કરી. આ કથાને ભજનો અને દૃષ્ટાંત થકી શણગારી. મધુર કંઠે મન મુકીને કરેલી શ્રીસત્યનારાયણની અનેક કથાનું દશ્ય ફળ તે આ **શ્રીસત્યનારાયણ વ્રતકથાનું પદ્યરૂપાંતર.**

શ્રીગુરુલીલામૃત ગ્રંથના અમૃતવર્ષના સમાપ્તિ પર્વે આ પદ્યરૂપાંતરની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત કરતા આનંદની લાગણી અનુભવીએ છીએ.

આ વ્રતકથાનું સરળ અને સરસ રહસ્ય સમજાવતું લખાણ લખનાર વડીલ બંધુ મુ. શ્રી દિનેશભાઇ ઉપાધ્યાયનો આભાર માનીએ છીએ.

શ્રીસત્યનારાયણ ભગવાનની બધા ઉપર અજસ્ર કૃપા વરસો એ જ પ્રાર્થના.

**• કુલીન ઉપાધ્યાય**
**• રાજેન્દ્ર ઉપાધ્યાય**

# દેવ સ્તુતિ

પ્રથમ નમું ગુરુદેવને જેથી પામ્યો જ્ઞાન,
બીજે માત સરસ્વતી, જેનું સમરું ધ્યાન,

માતપિતાના પુણ્યથી ઉત્તમ પામ્યો દેહ,
ક્થા ક્હું સત્યદેવની ધારી નિર્મળ નેહ.

●

મૂકં કરોતિ વાચાલં પંગું લંઘયતે ગિરિમ્ ।
યદ્કૃપા ત્વમહં વન્દે પરમાનંદ માધવમ્ ॥

કદા વૃન્દારણ્યે વિમલ યમુના તીર પુલીને
ચરંતં ગોવિંદં હલધરસુદામાદિસહિતં ।
અયે કૃષ્ણ સ્વામિન્ મધુર મુરલીવાદનવિભો,
પ્રસીદેત્યાક્રોશન્ નિમીષમિવ નેષ્યામિ દિવસાન્ ॥

# શ્રી સત્યનારાયણ વ્રતકથા પ્રારંભ

## અધ્યાય: ૧

**વ્યાસ બોલ્યા :-**

એક સમે નૈમિષારણ્યે શૌનકાદિ ઋષિજન
સૂત પુરાણીને પૂછે કૈં કથા કહો પાવન
... જય જય શ્રી સત્યદેવ.

કયા વ્રત ને તપ થકી મનવાંચ્છિત ફળ મળનાર,
સંભળાવો કથા પ્રેમથી થાય સફળ આ અવતાર.
સૂણી ઋષિનાં નમ્ર વચન, બોલ્યા પુરાણી થઇને પ્રસન્ન,
પતિતજન થાયે પાવન, સાંભળજો સૌ શ્રોતાજન.
... જય જય શ્રી સત્યદેવ. ૧.

પૂછી મને જે વ્રત સંબંધી તમે સહુએ વાત,
નારદે પૂર્વે એજ પૂછી લક્ષ્મીપતિને વાત.
તે જ કથા કહું રૂડી પેર, સાંભળજો સૌ આનંદભેર,
અઘ[1] જાયે થાય લીલાલ્હેર, થાય પ્રભુની પુરણ મ્હેર.
... જય જય શ્રી સત્યદેવ. ૨.

એક વખત નારદમુનિ ગયા પર્યટનની માંહ્ય,
ચૌદ ભુવનમાં વિચરી આવ્યા મૃત્યુલોકની માંહ્ય.
દુ:ખી થતાં જોઇ જગના લોક, નારદને મન ઉપજ્યો શોક,
માનવજીવન થાશે ફોક, એમ વિચારે પુણ્યશ્લોક.
... જય જય શ્રી સત્યદેવ. ૩.

૧. પાપ.

પોતપોતાના કર્મથી જીવ ભોગવે છે અતિ દુઃખ,
માટે ઉપાય કંઈ શોધવો જે ટાળે સહુના દુઃખ.
એમ વિચારી અંતરમાંહ્ય, આવ્યા જ્યાં છે શ્રી જગરાય,
કમળાવરને લાગ્યા પાય, રૂપ નિહાળી મુનિ હરખાય.
... જય જય શ્રી સત્યદેવ. ૪.

રૂપ ચતુર્ભુજ ગૌરવર્ણે નારાયણ ભગવાન,
શંખ ચક્ર ગદા પદ્મે શોભી રહ્યા ગુણવાન.
કંઠે વનમાળા સોહાય, લાજી મરે રતિપતિ[૧] પણ ત્યાંય,
નારદ પ્રભુને લાગ્યા પાય, જય જયકાર કરે મુનિરાય.
... જય જય શ્રી સત્યદેવ. ૫.

૧. કામદેવ.

**નારદજી બોલ્યા :-**

મનવાણી વિરમે જિહાં તવ રૂપ નિહાળી નાથ,
આ મુખથી શું વર્ણવું? કરું સ્તુતિ જોડી હાથ.
આદિ મધ્ય ને નહિ છે અંત, સચરાચર પ્રભુ વ્યાપ્ત અનંત,
અનંતનો ક્યાં આવે અંત? હું શું સમજુ પામર જંત?
... જય જય શ્રી સત્યદેવ. ૬.

વ્યાપિ રહ્યા ઘટ ઘટ વિષે નવ ખાલી એકે ઠામ,
અંતરમાં આકાશમાં ઘનશ્યામ આત્મારામ.
મણકાઓ જેમ માળા મ્હાંય, એક જ તંતમાં એ દેખાય,
અજવાળા ને અંધારામાંહ્ય, સુરજ-ચાંદ ને તારા માંહ્ય.
... જય જય શ્રી સત્યદેવ. ૭.

**શ્રી ભગવાન બોલ્યા :-**

સ્વસ્તિ વાચન સાંભળી બોલ્યા નારદ પ્રત્યે વચન,
કેમ ઓચિંતા આવીયા કહો નારદ શું છે વિઘન?
નારદ વચનો ના રદ જાય, શું વિચાર્યું છે ઋષિરાય?
મધુર વચન સુણી મુનિરાય, નિજ અંતરમાં બહુ હરખાય.
... જય જય શ્રી સત્યદેવ. ૮.

**નારદજી બોલ્યા :-**

જાણી અગત્યતા કામની પ્રભુ ! આવ્યો થઇ નિષ્કામ;
પરોપકારની દૃષ્ટિથી ધારી જનકલ્યાણનું કામ.
મૃત્યુલોકના જન પીડાય ત્રિતાપે સૌ દુ:ખીયા થાય,
માટે બતાવો (કૈં) લઘુ ઉપાય; જેથી સહુજન સુખીયા થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૯.

**શ્રી ભગવાન બોલ્યા :-**

સત્યનારાયણ વ્રત કરેથી મળે સુખ અપાર,
આધિ વ્યાધિ ઉપાધિથી રહે મુક્ત આ સંસાર.
દુર્લભ છે આ વ્રત પૂજન, પૂજનથી થાય નિર્મળ મન,
નિર્મળ મનથી જાય વિઘન, પતિતજન થાયે પાવન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૦.

**નારદજી બોલ્યા :-**

વાત પ્રભુ ! આ સાંભળી પણ એનું શું વિધાન?
શું સુખ એથી સાંપડે કહો વિસ્તારી ભગવાન.
બોલ્યા હસી હરિ તેણી વાર, નારદ તું પણ છે હોશિયાર,
વાત વાતમાં કાઢે સાર, સત્ય કહું થઈને ઉદાર.
... જય જય શ્રી સત્યદેવ. ૧૧.

શોક મોહ ટળે સદા નવ રહે દુઃખ લગાર,
સંતતિ સંપત્તિ વૈભવો સુખ મળે અપરંપાર.
મન માંગ્યુ દે છે ભગવાન, નિર્ધન પણ થાયે ધનવાન,
હું જે કહું તે સાચું માન, શ્રીમુખે બોલ્યા ભગવાન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૨.

વિપ્ર, સ્વજન તેડાવીને કરે પૂજન ઉમંગ ભેર,
સફળ થાયે કામના ને થાયે લીલા લ્હેર.
કદળીફળ[૧] શીરાનો પ્રસાદ, ધરવો પ્રભુને ધીમે સાદ,
રાખવો નહિ તલભાર પ્રમાદ, પ્રેમે લેવો પ્રભુ-પ્રસાદ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૩.

---
૧. કેળા.

પ્રભુ સ્મરણ કરતાં જવું સૌ સૌએ પછી નિજ ઘેર,
અંતરમાં હરિ રટણથી સૌ જાયે જગ દુઃખ ઝેર.
ઘોર કલિયુગ આ કે'વાય, હરિ ભજી કરો નિર્મળ કાય,
ભવની ભાવટ ભાંગી જાય, પૂરો થયો પહેલો અધ્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૪.

**"શ્રી સત્યનારાયણ દેવકી જય"**

**ઇતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણ વ્રતકથાયાં પ્રથમોઽધ્યાયઃ સંપૂર્ણમ્ ।**

## અધ્યાય: ૨

**સૂતજી બોલ્યા :-**

કાશી નગરમાં વિપ્ર છે, અતિ નિર્ધન ને કંગાળ,
આકુળ વ્યાકુળ થઇ ફરે (કદી) આવે ન કોઇને ખ્યાલ.
જેનું શતાનંદ છે શુભનામ, નિત્યે ભજતો સીતારામ,
છતાં ન થાયે તેનું કામ, દૈવાધીન રહી વાત તમામ.
... જય જય શ્રી સત્યદેવ. ૧.

બ્રાહ્મણનું દુ:ખ જોઇને દુ:ખી થયા શ્રીભગવાન,
વૃદ્ધ બ્રાહ્મણરૂપ લઇ લીધું, પછી આવ્યા થઇ અજાણ.
ગૌ, બ્રાહ્મણ રક્ષક ગોપાળ, દીનજનોના દીનદયાળ,
ભક્તજનોના છે પ્રતિપાળ, ભીડ પડે આવે તત્કાળ.
... જય જય શ્રી સત્યદેવ. ૨.

પૂછી રહ્યા ખૂબ પ્રેમથી, ભાઈ કેમ બન્યો ઉદાસ?
શું દુઃખ તારા અંતરે, કે'વા જેવું કહી દે ખાસ.
ઘટઘટની સૌ જાણે વાત, અંતર્યામી છે જગતાત,
બ્રાહ્મણ કરતો અશ્રુપાત, અંતરથી પરખી લઈ વાત.
... જય જય શ્રી સત્યદેવ. ૩.

વેણ હરિના સાંભળી, બોલ્યો નિર્ધન બ્રાહ્મણ ત્યાંય,
"દુઃખી દરિદ્રી થઇ ફરૂં કંઇ બતાવો ઉપાય."
એમ કહી લૂછ્યાં લોચન, પ્રભુને દુઃખ થયું અતિ મન,
નિજજનનું જોઇ રુદન, સત્વર બોલ્યા થઇ પ્રસન્ન.
... જય જય શ્રી સત્યદેવ. ૪.

સત્યનારાયણ-વ્રત આદરો ધરી ઉમંગ રાખી મન,
નિર્ધનતા રહેશે નહિ ને માગ્યુ મળશે ધન.
વળી જીવન થાશે ધન ધન, થાશે જગમાં સુખના દન,
સદા રહે સુખીયું તન, જીવન થાશે નંદનવન.
... જય જય શ્રી સત્યદેવ. ૫.

એમ કહી પળવારમાં હરિ થયા અંતર્ધ્યાન,
વિપ્ર મન વિચારતો, નથી બ્રાહ્મણ, છે ભગવાન.
એમ કરે છે મન વિચાર, કેમ કરી કરું વ્રત આ વાર?
ઊંઘ ન આવી સ્હેજ-લગાર, શોક કરે છે અપરંપાર.
... જય જય શ્રી સત્યદેવ. ૬.

બીજે દિવસે બ્રાહ્મ મુહૂર્તમાં બ્રાહ્મણે કીધું સ્નાન,
સ્નાન કરી નિતકર્મથી ઝટ સમર્યા શ્રીભગવાન.
પ્રભુ ભજનમાં લાગ્યો રંગ, રોજ ભજે હરિ પાંડુરંગ,
કરવા લાગ્યો છે સત્સંગ, સત્સંગે નિર્મળ થયું અંગ.
... જય જય શ્રી સત્યદેવ. ૭.

ભિક્ષાર્થે ગયો ગામમાં, રટે મુખે રાધેશ્યામ,
શ્રદ્ધા દ્દઢ રાખી રહ્યો તો થયું પૂરણ કામ.
મન માંગ્યુ ધન મળતું જાય, પ્રભુ કૃપાની ઝાંખી થાય,
આનંદ-સાગર ઉલટ્યો જાય, ભૂદેવ-ભૂપતિ સમ દેખાય.
... જય જય શ્રી સત્યદેવ. ૮.

પ્રચૂર ધનની પ્રાપ્તિથી નવ રહ્યું તનનું ભાન,
અંતરમાં હરખાય છે, જેમ મૂગો ગાયે ગાન.
સ્વજન મિત્રો તેડ્યા ઘેર, કરે પૂજન-વ્રત રૂડી પેર,
દીઠી વિપ્રે પ્રભુની મ્હેર, પાશેર બદલે મળતું શેર.
... જય જય શ્રી સત્યદેવ. ૯.

પાડ ન રાખે કોઈનો પ્રભુ છે પરમ ઉદાર,
શ્રદ્ધાથી કોઇ અર્પે તો, તેના ભરે ધન ભંડાર.
જુઓ સુદામા ધ્રુવજી બાળ, કેવા હતા બંનેના હાલ,
કુબ્જાએ પહેરાવી માળ, સહુ પર રીઝ્યા શ્રીગોપાળ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૦.

દૃઢ નિયમ પછી આદર્યો દર માસે કરે પૂજન,
સંસારી સુખ ભોગવી ગયો ભૂદેવ મોક્ષ સદન.
સત્ય-નારાયણ-વ્રત મહિમાય, ગાતા સૂણતાં પાતક જાય,
જીવનભર જન સુખીયા થાય, હરિ ભજે તો હરિજન થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૧.

**ઋષિ બોલ્યા :-**

ત્યાર પછી શી રીતથી, વ્રત આગળ ચાલ્યું જાય,
કેવી રીતે કોણે કર્યું, તે કહો સત્ય કથાય?

**સુતજી બોલ્યા :-**

સાંભળજો સૌ ઋષિ મુનિજન હરિકથામૃત છે ઉત્તમ,
હરિકથામૃત રસ પાવન, પીતા રે'વું ધરીને મન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૨.

વિપ્ર વ્રત-પૂજન કરે છે નિયમથી દર માસ,
એક દિવસ આવી ચઢ્યો કઠિયારો કોઈ ખાસ.
પાણી પીવાનું બહાનું થાય, આવ્યો બ્રાહ્મણના આંગણમાંહ્ય,
જુએ તો વ્રત-પૂજન થાય, જોઈ કઠિયારો વિસ્મય થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૩.

સાદર ભાવે પૂછું છું; "આ શું કરો છો મહારાજ?"
બ્રાહ્મણ ત્યારે બોલીઓ : "કરું વ્રત પૂજનનું કાજ."
"પ્રભુકૃપાથી પામ્યો ધન, આજ થયું જીવન ધન-ધન,"
"છે કારણ આ વ્રત પૂજન, પૂજનથી મળ્યું નવજીવન."
... જય જય શ્રી સત્યદેવ. ૧૪.

જાણી વાત ભૂદેવથી થયો કઠિયારો તૈયાર,
પ્રસાદ લઈ પાણી પીધું, પછી ચાલી નીકળ્યો બ્હાર.
માથે લઈ લીધો છે ભાર, કાષ્ટ તણો નવ લાગે ભાર,
મનમાં કરતો જાય વિચાર, કરીશ પૂજન હું નિર્ધાર.
... જય જય શ્રી સત્યદેવ. ૧૫.

ચટપટી જાગી મન વિષે, નવ થોભ્યો પળભર ત્યાંય,
વેચવા ચાલ્યો જાય છે, શ્રદ્ધા ઉપજી છે અંતરમાંહ્ય.
શ્રદ્ધાની છે મોટી વાત, શ્રદ્ધાથી રીઝે જગતાત,
શ્રદ્ધા છે જગમાં વિખ્યાત, શ્રદ્ધા સૌની સાચી માત.
... જય જય શ્રી સત્યદેવ. ૧૬.

માતા કહે છે બાળને આ કાકા, મામા કે તાત,
વિદ્યારંભે ગુરુ ઉપર શ્રદ્ધાથી થાય વાત.
મેરૂ ડગે પણ મન મજબૂત, એવી શ્રદ્ધા હોય અદ્‌ભુત,
જનની જાયો કોઈ સપૂત, ધાર્યું કરે કોઈ સતિનો સુત.
... જય જય શ્રી સત્યદેવ. ૧૭.

ચાલી નીકળ્યો ત્યાં થકી, જઈ રહ્યો મોટી બજાર,
ધનિક-ઘર ત્યાં આવીચું નવ લાગી વેચતાં વાર.
પામ્યો કાષ્ટનું બમણું મૂલ્ય, થયો કઠિયારો અતિ પ્રફુલ્લ,
તુળસીપત્ર, લીધા ફળ ફૂલ, લીધી સામગ્રી કીધી ન ભૂલ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૮.

સ્વજન-સ્નેહી તેડીઆ ને કીધું વ્રત પૂજન,
આ લોકનું સુખ ભોગવી, ગયો પામી મોક્ષ સદન.
છે અદ્‌ભુત આ વ્રત મહિમાય, સૂણે શ્રવણે[1], મુખે ગાય,
હરિ ચરણમાં વાસો થાય; પૂરો થયો બીજો અધ્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૯.

**ઇતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણ વ્રતકથાયાં દ્વિતીયોધ્યાયઃ સંપૂર્ણમ્ ।**

---

૧. કાને.

## અધ્યાય: ૩

**સૂતજી બોલ્યા :-**

પૂર્વે હતો એક રાજવી જેનું ઉલ્કામુખ છે નામ,
જિતેંદ્રિય, સત્યવાદી છે કરે પરમારથના કામ.
બ્રાહ્મણને આપે બહુ દાન, જરા નથી ઉરમાં અભિમાન,
રાજાને કંઇ નહિ સંતાન, તેનું દિલમાં લાગ્યું તાન.
... જય જય શ્રી સત્યદેવ. ૧.

ભદ્રશીલા નદી તટ પરે કરે સત્યનારાયણ વ્રત,
પત્ની સંગમાં રહી કરે પૂજન કરી દૃઢ મન.
એવે સમે સાધુ મહાજન, વેપારમાં જે રહે મગન,
કરી રહ્યો પરદેશ ગમન, એવે નિહાળ્યો નિજ રાજન.
... જય જય શ્રી સત્યદેવ. ૨.

પાસે જઈને પૂછતો, 'તમે આ શું કરો છો મહારાજ?'
રાજાએ કહ્યું સત્ય કે કરું વ્રત-પૂજનનું કાજ.
સંતાન વિણ સૂનો સંસાર, (જેમ) ગોળ વિના મોળો કંસાર,
સાર તણો છે એક જ સાર, પુત્ર વિના દુઃખિયો પરિવાર.
... જય જય શ્રી સત્યદેવ. ૩.

સાધુએ વાત વિચારીને પૂછ્યું તત્પર થઈને પ્રસન્ન,
હું પણ આ વ્રત આદરું મારે નથી કોઈ સંતાન.
એમ વિચારી આવ્યો ઘેર, કહ્યું પત્નીને રૂડીપેર,
સતિ વિચારે ઉમંગભેર, થાય પ્રભુની મુજ પર મ્હેર.
... જય જય શ્રી સત્યદેવ. ૪.

પ્રભુ-કૃપાથી થાય જો કંઇ આપણ ઘર પરિવાર,
સત્યનારાયણ વ્રત કરીશ હું, એમાં ન થાયે વાર.
રૂડું લીલાવતી છે શુભ નામ, રાત દિવસ કરે ઘરના કામ,
મુખે હરિનું જપતી નામ, પતિ-સેવાની હૈયે હામ.
... જય જય શ્રી સત્યદેવ. ૫.

સદાચરણથી ચાલતી વળી પાળે પોતાનો ધર્મ,
સ્વધર્મે જય થાય છે, એ નારી જીવનનો મર્મ.
સન્નારીની વાત શી થાય? દેવી થઇ ઝળક્યાં જગમાંય,
એને પગલે પગલે જાય, સીતા-સાવિત્રી ઘર-ઘર થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૬.

શુભ ઘડી આવી રહી, થઇ ગર્ભવંતી સાધુ નાર,
માસ-દશ પૂરણ થતાં, રૂડી અવતરી કન્યા સાર.
નામ કલાવતી પાડ્યું નિર્ધાર, જાતાં દિવસ નવ લાગે વાર,
હરખ્યાં બન્ને ત્યાં નર નાર, અસારમાં કંઇ દીઠો સાર.
... જય જય શ્રી સત્યદેવ. ૭.

કહે લીલાવતી સાધુને, 'કરો કેમ ન વ્રતની વાત?
ઢીલ ન કરવી જોઇએ પછી ભૂલી જવાશે વાત.'
સાધુ કહે નવ ભૂલીશ નાર, ચાલે છે હમણાં વેપાર,
લગ્ન સમય કરશું વિચાર, એમ કહી સંતોષી નાર.
... જય જય શ્રી સત્યદેવ. ૮.

કન્યા ઉકરડાની જાત છે નવ વધતાં લાગે વાર,
કલાવતીને જોઈને સાધુ કરે મન-વિચાર.
આળસમાં વણસે છે વાત, આખર પણ એ કન્યા જાત,
એમ વિચારી માત ને તાત, સાધુ પણ સમજ્યો સાક્ષાત્.
... જય જય શ્રી સત્યદેવ. ૯.

શોધ કરે દૂત મોકલી, મળ્યો સુંદર મહાજન-બાળ,
સ્વજ્ઞાતિનો બાળ છે, એવી દૂતે આપી ભાળ.
ખુશી થયો જાણી સમાચાર, પછી ન લાગી લગીરે વાર,
જ્ઞાતિજનોનો લેવો સાર, એમ કીધો મનમાં વિચાર.
... જય જય શ્રી સત્યદેવ. ૧૦.

જ્ઞાતિજનોના આગ્રહે કીધો નક્કી વિવાહ-દિન,
લગ્ન સમય આવી રહ્યો, થયા એમાં સૌ તલ્લીન.
મોટાને ઘેર સૌની દોટ, મોટાને ઘેર શું હોય ખોટ?
સાગરની જેમ ભરતી-ઓટ, લોક કરે સહુ દોટંદોટ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૧.

અઢળક ધન ત્યાં વાપર્યું, ખૂબ સંતોષ્યા પુર-જન,
દાન દીધાં જાતજાતનાં, જે હતા અતિ-નિર્ધન.
લગ્ન-ક્રિયા પૂરી થઇ જાય, પડ્યા વિસારે સૌ જન ત્યાંય,
શાનું વ્રત ને શાની કથાય? સ્વારથના સૌ ગીતડાં ગાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૨.

દત્તક રાખ્યો ઘર વિષે નિજ સુતા સ્વામી જેહ,
પુત્ર સમ પાળી રહ્યા, નર-નારી બતાવે નેહ.
ભાગ્ય પ્રબળ છે, અતિ બળવાન, જુએ નહિ વૃદ્ધ કે નાદાન,
ગતિ કર્મની ગહન[1] તું જાણ, ભાવિ કરે તે થાય પ્રમાણ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૩.

ગહન-ગતિ છે કર્મની એનો કોઇ ન પામ્યા પાર,
ભલ ભલા ભૂલા પડ્યા, એવો ગહન આ સંસાર.
સુજ્ઞજનો પણ ભૂલે ભાન, રવડ્યા કંઇ તો રાનો રાન,
તેમાં પણ થાયે હેરાન, સમજુ પણ ગુમાવે શાન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૪.

૧. ગહનો કર્મણા ગતિ: ।

વેપાર કરવા નીકળ્યો છે સાધુ જમાઈની સાથ,
આવી રહ્યો એક રાજમાં, રહે રત્નપુરનો નાથ.
ચંદ્રકેતુ છે રાજવી નામ, રૂડું નામ ને રૂડું ગામ,
ચારે વરણના લોક તમામ, સૌ સૌના કરે જેવા કામ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૫.

વેપાર કરતાં વહી ગયા દિન, માસ ને કંઈ વર્ષ,
અઢળક ધન ત્યાં મેળવ્યું, એનો હૈયે માય ન હર્ષ.
દશા-વિશીની સાચી વાત, ઠોકર ખાતાં આવે ઘાત,
વાત કરે પણ આડી રાત, આડી રાતની શી તે વાત.
... જય જય શ્રી સત્યદેવ. ૧૬.

ઈશ્વરના અવતાર છે પ્રભુ, સીતાપતિ, રઘુનાથ,
રાજ્યાભિષેકની વાતમાં જુઓ ! વિધિએ નાંખ્યો હાથ.
ચૌદ વરસ આપ્યો વનવાસ, સીતાપતિ પામ્યા બહુ ત્રાસ,
એ પણ વિધિની ઘટના ખાસ, જાણી ન થાશો કોઇ નિરાશ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૭.

ધાર્યું વિધિનું થાય છે, એમાં નથી કોઇનો વાંક,
લખ્યું લલાટે શેર તો નવ મળે વધુ નવટાંક.
શત્રુ ઘડીભર મિત્ર જ થાય, હોય સગા દુશ્મન થઇ જાય,
સાચી વાત તે જૂઠી થાય, છે વિધિનો એવો છે ન્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૮.

એક દિવસ એવું બન્યું, થઇ ચોરી નૃપ ભંડાર,
ધન લઇ નાસી છૂટ્યા, પૂંઠે દોડ્યા ઘોડેસ્વાર.
પૂંઠળ આવે ઘોડેસ્વાર, ચોર કરે મનમાં વિચાર,
નાખી દીધો સહુ ધન ભંડાર, વણિક ઘર પાસે તે વાર.
... જય જય શ્રી સત્યદેવ. ૧૯.

આવી પહોંચ્યા પળ-વારમાં, જોઇ લીધું રાજાનું ધન,
વણિકને ચોર ઠેરવી થયા ખુશી સવાર પ્રસન્ન.
જોઇ રાજાનો મુદ્દામાલ, આવ્યો દૂતોને ખોટો ખ્યાલ,
સાધુ સંગ જમાઇના હાલ, કરી દીધાં ત્યાં હાલ બેહાલ.
... જય જય શ્રી સત્યદેવ. ૨૦.

હાથે નાંખી દઇ હથકડી લઇ ચાલ્યા રાજાની પાસ,
ખબર નૃપને આપી ત્યાં, જે બેઠા હતા ઉદાસ.
જાહેર કીધી ધનની વાત, રાજાએ પણ જાણી વાત,
કીધો હુકમ ઝટ જઇ સાક્ષાત્, કેદ પૂર્યાં બે મહાજન જાત.
... જય જય શ્રી સત્યદેવ. ૨૧.

ઇશ તણી આજ્ઞા વિના નવ હાલતું જ્યાં પર્ણ પણ,
ત્યાં માનવીના ભાર શા? તૃણવત્ રહ્યું માનવ જીવન.
વળી જુઓ સાધુની નાર, ત્યાં પણ વિધિએ માર્યો માર,
તેના લૂંટાયા ધન-ભંડાર, સાધવી સ્ત્રી થઇ નિરાધાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૨.

અણધારી આવી પડે આફત જીવનની મ્હાંય,
આધિ, વ્યાધિ, ઉપાધિથી સંસારી-જન મૂંઝાય.
કહેવત છે ‘સુખના દિન ચાર’, જેમ શિશિરની હોય સવાર,
લાગે દુઃખના દિન અપાર, જાતાં લાગે છે બહુવાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૩.

ઘરમાં કાંઇ મળે નહિ, થઇ ગઇ ત્યાં એ નિર્ધન,
ભૂખે દિવસો કાઢી રહ્યા, ઘરમાં નથી કાંઇ અન્ન.
કન્યા ઘર ઘર ફેરા ખાય, ભીખ માગે ને લાવી ખાય,
તેમ છતાં નવ પેટ ભરાય, જુઓ વિધિનો કેવો ન્યાય?
... જય જય શ્રી સત્યદેવ. ૨૪.

પેટ સમું વ્હાલું નથી કોઇ, નક્કી આ જગમ્હાંય,
હોય ગરીબ-ધનવાન પણ સહુ પેટની વેંઠે જાય.
પાપી પેટની ઝાઝી વેઠ, કરી ખુશામત ભરવું પેટ,
નોકર થઇ ખુશ રાખે શેઠ, તો જ ભરાયે પાપી પેટ.
... જય જય શ્રી સત્યદેવ. ૨૫.

રોજ નિયમસર જાય છે સાધુ-કન્યા માગવા ભીખ,
માતા સદા વિવેકથી આપી રહેતી સાચી શીખ.
એક દિવસ આ કન્યા જાય, બ્રાહ્મણ ઘરમાં પૂજન થાય,
રાત પડી ઘર મોડી જાય, ઘેર માતા બહુ વિહ્વળ થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૨૬.

માતા થઇ બેબાકળી જોતી વાટ થઇ અધીર,
કન્યા દીઠી ત્યાં આવતી ત્યારે હૈયે આવી ધીર.
પૂછે સતી, ‘કેમ લાગી વાર? બેટા શું કહું વારંવાર?’
એમ કહી રોઇ સાધુનાર, કે’છે નિજ તનયાને સાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૭.

ઘરનું ઢાંકણ દીકરી, તું રાખવી ઘરની લાજ,
સાચવવું કુળ, કીર્તિને એ વાત તારે હાથ.
રાત પડે નવ જાવું બ્હાર, ઓળંગવો ઉંબરો ન લગાર,
રાત પડે કરે કોઇ ના વ્હાર, સાચી શિખામણ ઉર ઉતાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૮.

આળ ચઢાવી મૂકતાં નવ લાગે જગને વાર,
અબળા જાતિ આપણી, વળી નિર્ધનનો અવતાર.
પુરુષ વિણ સૂનો સંસાર, નારી-જીવન દુઃખી અવતાર,
આભૂષણનો લાગે ભાર, હોય પુરુષ ઉજળો સંસાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૯.

સતી પતિના સંગમાં જુએ સુખો અપરંપાર,
પતિને પ્રભુ સમ માનતી જે તેનો સુખી સંસાર.
હોય રોગી, વૃદ્ધ કે ધનહીન, કામી, ક્રોધી, જડ, અતિ દીન,
કરે અપમાન ગણીને હીણ, પાપ મળે, પુણ્ય થાયે ક્ષીણ.
... જય જય શ્રી સત્યદેવ. ૩૦.

રૌ રૌ નર્કે જઇ પડે ને ભોગવે દુઃખ અપાર,
તુલસીકૃત રામાયણે એનો બતાવ્યો છે સાર.
સાંભળતા નવ સમજે સાર, તેનો જરૂર બગડે સંસાર,
હોય ભલે તે સમજુ નાર, છતાંય તે તો પશુ અવતાર.
... જય જય શ્રી સત્યદેવ. ૩૧.

હોય અધૂરા જ્ઞાનની તે નારી ભયંકર જાણ,
કુટુંબ-કલેશ વધારતી ને અંતે લેતી પ્રાણ.
‘ઉં હું’નું ઓસડ નહિ છેક, ફરે નહિ કદી એની ટેક,
પોતાના કક્કામાં નેક, નમતું આપે નહિ પળ એક.
... જય જય શ્રી સત્યદેવ. ૩૨.

સાચી શીખામણ સાંભળી થયું પ્રસન્ન બાળકી-મન,
પ્રસાદ માતને આપીને પછી વાત કરી શુદ્ધ-મન.
પ્રસાદ લે છે સાધુ-નાર, તુરત જ આવ્યો ત્યાં વિચાર,
સાધવી સ્ત્રી સમજી ઝટવાર, કીધો સંકલ્પ જે નિજ ભરથાર.
... જય જય શ્રી સત્યદેવ. ૩૩.

પ્રસાદ કેરા પ્રતાપથી જુઓ ! અવળું સવળું થાય,
કન્યાના સત્-સંગથી આજે બાજી પણ પલટાય.
સત્સંગી સજજન કેવાય, સજજનની શી વાત જ થાય,
સત્સંગે ભવ રોગ જ જાય, સાંભળજો સૌ જન શ્રોતાય.
... જય જય શ્રી સત્યદેવ. ૩૪.

સજ્જનથી સુખ ઉપજે દુરિજનથી બહુ દુ:ખ થાય,
માંકડના સહેવાસથી જુઓ! માર ખાટલો ખાય.
હોય ભલે ઉજળું પણ ઝેર, ખાતાં થાયે કાળો કેર,
વણ મોતે જાય જમને ઘેર, વાત વિચારો રૂડી પેર.
... જય જય શ્રી સત્યદેવ. ૩૫.

ઘડી પછી તેડાવિયા, ત્યાં સ્વજનને નિજ ઘેર,
વિપ્રને બોલાવીને વ્રત આદર્યું રૂડી પેર.
અંતરથી સમરે નિજ નાથ, હરિને વિનવે જોડી હાથ,
દીનાનાથ અનાથના નાથ, તારો છે હરિ એક જ સાથ.
... જય જય શ્રી સત્યદેવ. ૩૬.

બોલી સતી કર જોડીને, “પ્રભુ ! પતિ ગયા પરદેશ,
કન્યા-સ્વામી સંગમાં તેનો નથી કૈં સંદેશ.
હોય કદાપિ કૈં અપરાધ, ક્ષમા કરો, છો મા ને બાપ,
‘નાથ’ વિનાની છું હું અનાથ, પ્રભુ ! તમોથી થાઉં સનાથ”.
... જય જય શ્રી સત્યદેવ. ૩૭.

એમ કહી પળવારમાં રડી પડી સાધુ-નાર,
હૈયે હિમ્મત ના રહી, વહે આંખે અશ્રુધાર.
જોઇ દશા સહુ વિસ્મય થાય, જુઓ! હવે તો શું રે થાય!
જેમ કરી દ્રૌપદીને સહાય હરિ દુ:ખ હરવા વ્હારે ધાય.
... જય જય શ્રી સત્યદેવ. ૩૮.

જેના નગરમાં કેદ છે જે વણિક બે મહાજન,
તે નૃપને સ્વપ્નું દીધું ભલા સૂણ ઓ રાજન્!
છોડી દે તું બે મહાજન, નહિતર નાશ થશે સહુ ધન,
લૂંટાઇ જાશે રાજભવન, ને અંતે જવું પડશે વન.
... જય જય શ્રી સત્યદેવ. ૩૯.

સ્વપ્ન ભયંકર જોઇને થયો રાજાને ગભરાટ,
અંતરના ગભરાટથી નથી સૂઝતી એકે વાટ.
છેવટે તેડ્યા નિજ પ્રધાન, તેથી જાણે આવ્યો પ્રાણ,
સહુ બેઠા છે થૈ અણજાણ સ્વપ્ન વાતથી કીધા જાણ.
... જય જય શ્રી સત્યદેવ. ૪૦.

પડ્યા સહુ વિચારમાં નહિ આવે વાતનો અંત,
સાચું-જૂઠું સમજાય નહિ, કરે વિચાર ધરીને ખંત.
જોઇ વલણ રાજાનું ત્યાંય, સર્વાનુમતથી હુકમ થાય,
છોડી દેવા રાજા આજ્ઞાય, સાંભળી સહુજન ખુશી થાય.
... જય જય શ્રી સત્યદેવ. ૪૧.

સંસાર છે કઠ પૂતળી સમ, દોરી હરિને હાથ,
સંસારી જીવ નાચતાં જેમ નચવે જગનો નાથ.
ઘડીમાં તડકો, ઘડીમાં છાંય, સાગરે ભરતી ઓટ જણાય,
માનવ-જીવન તેમ જણાય, નવ કરશો કદી ગર્વ જરાય.
... જય જય શ્રી સત્યદેવ. ૪૨.

ધન લીધેલું આપીને ખૂબ સંતોષ્યા મહાજન,
અઢળક ધનને મેળવી, સાધુ વણિક થાય પ્રસન્ન.
સ્વદેશ જાવા કીધું મન, સાંભર્યા સુત, દારા, ધન,
નાવ મહીં ભરતો સહુ ધન, જાય હવે જુઓ સાધુ વતન.
... જય જય શ્રી સત્યદેવ. ૪૩.

ધાર્યું ધણીનું થાય છે, નવ વાત કોઈને હાથ,
હવે બન્યું શું આગળે સૌ સૂણો શ્રોતાજન સાથ.
ઘોર કલિયુગ આ કે'વાય, ગોવિંદના ગુણ જે જન ગાય,
માનવ જીવન સાર્થક થાય, પૂરો થયો ત્રીજો અધ્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૪૪.

**ઇતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણ વ્રતકથાયાં તૃતીયોધ્યાયઃ સંપૂર્ણમ્ ।**

## અધ્યાય: ૪

કરવા વણિકનું પારખું, પ્રભુ આવ્યા નાવની પાસ,
રૂપ લીધું સંન્યાસીનું, જયાં હતો સાધુનો વાસ.
આવી પૂછે શું છે નાવની મ્હાંય? સાંભળી સાધુ વિસ્મય થાય,
કેમ પૂછો છો હે મુનિરાય ! સંન્યાસીને આ શું થાય?
... જય જય શ્રી સત્યદેવ. ૧.

શાને પૂછો છો આ બધું, એનું તમારે શું કામ?
સંન્યાસી તો સંસારમાં ફરે સદા થઇ નિષ્કામ.
નથી ભર્યા કંઇ ધન ભંડાર, નથી બીજો વૈભવનો ભાર,
ઝાડ-પાનનો છે સૌ ભાર, વાણી અસત્ય વધો નિર્ધાર.
... જય જય શ્રી સત્યદેવ. ૨.

ધન, વૈભવ વિલાસમાં ભલ ભલા ભૂલે છે ભાન,
માની બેઠો છે માનવી જાણે કોઈ ન મુજ સમાન.
ગર્વમાંહિ ફરતો ઈન્સાન, અંતરમાં રાખી ગુમાન,
ફરે હરાયાં ઢોર સમાન, હૈયે રાખીને અભિમાન.
... જય જય શ્રી સત્યદેવ. ૩.

અભિમાનમાં છકી નવ જવું એ મોટું દુષણ જાણ,
[૧]સદા સમય બળવાન છે, નહિ પુરુષ છે બળવાન.
છત્રપતિ પણ રંક બની જાય, રંક બને રાજા પળમાંય,
ઘડીમાં તડકો, ઘડીમાં છાંય, અકળ કળા હરિની ન કળાય.
... જય જય શ્રી સત્યદેવ. ૪.

---

૧. સમય સમય બલવાન હે નહિ પુરુષ બલવાન ।
કાબે અર્જુન લૂંટિયો એહિ ધનુષ એહિ બાણ ।।

અસત્ વાણી આ સાંભળી પ્રભુ થયા કોપાયમાન,
“સત્ય થજો તુજ બોલવું” એમ વદ્યા શ્રીભગવાન.
જઈ બેઠા સાગરને તીર, જુએ સાધુમાં શું છે હીર,
જોયું નાવમાં થઈ અધીર, હેમ ગયું ને રહ્યું કથીર.
... જય જય શ્રી સત્યદેવ. પ.

ધડિમ દઈ પૃથ્વી પડ્યો નવ રહ્યું દેહનું ભાન,
ઘડી પછી મૂર્છા વળી ત્યારે આવ્યું સાધુને ભાન.
હતો જામાતૃ સંગ હોશિયાર, કીધી એણે સહુ સારવાર,
કીધો સાધુને ઝટ હોશિયાર, પછી કીધો પોતે વિચાર.
... જય જય શ્રી સત્યદેવ. ૬.

બોલ્યો પછી વિવેકથી નથી વિચારતાં કૈં વાત,
સહુની સાથે વાતમાં નવ કરો દગો પંચાત.
નથી સંન્યાસી, છે ભગવાન, સાચી કરો એની પીછાન,
મૂકી ધો ઉરનું અભિમાન, પડી ચરણ જઇ ધો સન્માન.
... જય જય શ્રી સત્યદેવ. ૭.

કહી વાત વિવેકથી ગયો સાધુ સાગર-તીર,
સંન્યાસી રૂપમાં હરિને પગે પડ્યો થૈ અધીર.
હે પ્રભુ! મારી થઇ છે ભૂલ, છે માયાનું મોટું શૂળ,
જણાય નહિ કૈં સાચું મૂળ, કૃપા કરો, સુધારું ભૂલ.
... જય જય શ્રી સત્યદેવ. ૮.

પ્રભુ કહે, સૂણ સાધુ તું, તું કરે છે અપમાન,
આજ્ઞાની અવહેલના તું કરે થૈ નાદાન.
ભૂલ કરે છે વારંવાર, તોય નથી કરતો વિચાર,
સંભાળી લે તું ધર્મ-આચાર, જરૂર થાશે બેડો પાર.
... જય જય શ્રી સત્યદેવ. ૯.

ગળગળો થઇ બોલીયો, "પ્રભુ! ક્ષમા કરો અપરાધ,
બાળકના ગુણ-દોષને નથી જોતા કદી મા-બાપ.
દૈવી[૧] માયા છે ગુણવંત, એનો કોઇ ન પામ્યા અંત,
અનંતનો ક્યાં આવે અંત? સમજી લે છે સાચા સંત."
... જય જય શ્રી સત્યદેવ. ૧૦.

૧. દૈવી હ્યેષાં ગુણમયી મમ માયા દૂરત્યયા.

એમ પ્રભુને વિનવી ઉભો સાધુ થઈને દીન,
દીનદયાળુ શ્રીહરિ, ત્યાં થઈ ગયા આધીન.
બોલ્યા મુખથી જગદાધાર, 'પાછો ભરાશે તુજ ભંડાર,
એમાં નવ થાશે કૈં વાર, અસત્ વાણી ના ઉચ્ચાર.'
... જય જય શ્રી સત્યદેવ. ૧૧.

જનની જણ તો ભક્ત જણ કાં દાતા કાં જણ શૂર,
નહિ તો રે'જે વાંઝણી પણ નવ ગુમાવીશ નૂર.
જીવનભર નવ સમર્યા રામ, મુખે લીધું નવ શ્રીહરિ નામ,
જન્મ ગુમાવ્યો વૃથા આમ, જન્મ ધરી શું કીધાં કામ?
... જય જય શ્રી સત્યદેવ. ૧૨.

આવી જુએ સાધુ નાવમાં દીઠું પોતાનું સહુ ધન,
જીવનભરનું સુખ જોતાં એ ફરી થયો પ્રસન્ન.
નાવ હંકાર્યું ઝટપટ ત્યાંય, વાયુવેગે ચાલ્યું જાય,
દૂરથી દીઠું નગર જ ત્યાંય, સાધુ ઉરમાં બહુ હરખાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૩.

મોકલ્યો નિજ રક્ષક, પછી સહુ કહીને સંદેશ,
લીલાવતી સાધુનારને દૂતે કહી વાત વિશેષ.
પતિ આવ્યાની જાણી વાત વળી સતીને હૈયે શાત[૧],
સંભારી પ્રભુને સાક્ષાત્, કર્યું પૂજન ત્યાં થૈ રળીયાત.
... જય જય શ્રી સત્યદેવ. ૧૪.

---
૧. શાંતિ, શાતા.

આતુરતા હૈયે વધી પતિ-મિલનની પળમાંય,
નિજસુતાને સમજાવીને, એ સ્વામીને મળવા જાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૫.

પુત્રી! ઝટ તું આવજે, કરી પૂજન, લઇને પ્રસાદ,
તે છતાં કન્યા ગઇ, લીધા વિના પ્રભુનો પ્રસાદ.
પતિને મળવાનું મન, ભૂલી પ્રસાદ, થયું વિઘન,
નિજ સ્વામીનું દીઠું ન તન, બાળકી કરતી અતિ રુદન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૬.

પ્રાણ વિનાના દેહની નથી કિંમત જ્યાં લવ લેશ,
પતિ વિના સતીનારને રહે દિલમાં દુઃખ હંમેશ.
પતિ સતીનો છે પ્રાણનાથ, પતિ વિના થઈ જાય અનાથ,
દુનિયામાં દે કો નવ સાથ, હોય પતિ તો રહે સનાથ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૭.

સમય બહુ વીતી ગયો, નવ ધીરજ રહી દિલમાંય,
સ્વામી વિના સંસારમાં કહો કેમ કરી જીવાય?
નાની છતાં યે મોટું મન, ધણી વિનાનું વ્યર્થ જીવન,
નિશ્ચય મરવું ધાર્યું મન, જાણી શોક કરે મહાજન.
... જય જય શ્રી સત્યદેવ. ૧૮.

નથી અવિચળ વિશ્વમાં કોઇ, વાત છે નિરધાર,
તેમ છતાંયે માનવી નથી સમજતો કંઇ સાર.
મારું-તારું કરતો જાય, જનમ-જનમના ફેરા ખાય,
ધન-ભંડાર[1] મૂકીને જાય, અંત વખતમાં બહુ પસ્તાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૯.

નિજ પુત્રીનું દુ:ખ જોઇને દુ:ખી થયો સાધુ ત્યાંય,
શ્રીહરિને વિનવી રહ્યો થઇ અધીર અંતર મ્હાંય.
કોટિ કોટિ કીધા અપરાધ, તે અપરાધ કરોને માફ,
જન્મ-જન્મનાં 'મા' ને 'બાપ', તમ વિણ કોણ આ ટાળે પાપ?
... જય જય શ્રી સત્યદેવ. ૨૦.

---

૧. ધનાનિ ભૂમૌ પશવશ્ચ ગોષ્ઠે ભાર્યા ગૃહદ્વારી જન:સ્મશાને ।
દેહશ્ચિતાયાં પરલોક માર્ગે-કર્માનુગો ગચ્છતિ જીવ એક ॥

સ્તુતિ વચનથી શ્રીહરિ થયા સંતુષ્ટ તેણીવાર,
આકાશવાણી થઈ તદા, સુણ સાધુ કહું આ વાર.
પ્રસાદનું કીધું અપમાન, આવી કન્યા થઈ નાદાન,
ઘેર જઈ પ્રસાદ લેતાં માન, જરૂર થાશે સૌ કલ્યાણ.
... જય જય શ્રી સત્યદેવ. ૨૧.

દોડી ગઈ ઝટ બાળકી, લીધો પ્રસાદ પ્રીતે ત્યાંય,
પાછી ફરીને આવી ત્યાં જોઈ સ્વામીને હરખાય.
આવ્યો સાધુ મહાજન ઘેર, કર્યું પૂજન થૈ રૂડી પેર,
પૂજનથી થાય લીલા લ્હેર, શ્રીહરિની થૈ પૂરણ મ્હેર.
... જય જય શ્રી સત્યદેવ. ૨૨.

પુણ્ય દિવસે આરંભતો સત્યનારાયણ પૂજન,
પૂર્ણિમા-સંક્રાતિ દિન કરે વ્રત ધરી ઉમંગ.
સંસારમાં સુખીયો કે’વાય, નિત્ય હરિના જે ગુણ ગાય,
અંતે સુખથી સ્વર્ગે જાય, પૂરો થયો ચોથો અધ્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૨૩.

**ઈતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણ વ્રતકથાયાં ચતુર્થોધ્યાયઃ સંપૂર્ણમ્ ।**

## અધ્યાય: ૫

**સૂતજી બોલ્યા :**

પાળે પ્રજા રૂડી પેરથી તુંગધ્વજ નામે રાય,
ચારે દિશાએ ફરકતી સુકીર્તિ કેરી ધજાય.
પ્રભુ પ્રસાદનો કીધો ત્યાગ, દુ:ખી થયો બહુ એ મહાભાગ,
વનમાં સંચર્યો જોઈ લાગ, પશુ શિકારમહીં અનુરાગ.
... જય જય શ્રી સત્યદેવ. ૧.

શ્રમિત થયેલો રાજવી જઇ બેઠો વટ-વૃક્ષ છાંય,
બેઠો બેઠો નિહાળતો શું કરે ગોવાળો ત્યાંય.
શ્રદ્ધા-ભક્તિથી થાય પૂજન, બાળ ગોવાળો હરખે મન,
જુએ છે સહુ આ રાજન તોય ન સમજ્યો કૈં મતિમંદ.
... જય જય શ્રી સત્યદેવ. ૨.

ગયો નહિ પૂજન મહીં વળી નમ્યો ન ધરીને ભાવ,
પ્રસાદ લાવી આપીઓ તો તેમાં બતાવ્યો અભાવ.
પ્રસાદનું કીધું અપમાન, રાખી ઉરમાં બહુ અભિમાન,
ઊંચ-નીચના ભેદનું ભાન, તેથી બન્યો મૂરખ નાદાન.
... જય જય શ્રી સત્યદેવ. ૩.

એક પિતાનાં બાલુડાં, નથી જુદા કોઇથી કોઇ,
જુદાપણું દેખાય છે તે મનનું કારણ હોઇ.
વિશ્વપિતાનાં છે સંતાન, તેમાં શેની ખેંચાતાણ,
કોઇ નિર્ધન ને કોઇ ધનવાન, સમજો સૌને એક સમાન.
... જય જય શ્રી સત્યદેવ. ૪.

રાજા ગયો નિજ રાજ્યમાં તો જુએ વિપરીત વાત,
નાશ થયાં સો પુત્ર ને વળી ધન-ધાન્ય સહુ જાત.
અકર્મીને ઘેર ગંગા જાય, કર્મહીનથી નહિ પીવાય,
લક્ષ્મી ચાંલ્લો કરવા જાય (ત્યારે) મૂરખ મોઢું ધોવા જાય.
... જય જય શ્રી સત્યદેવ. ૫.

અભિમાન કાળો નાગ છે એનો ડંખ ભારે હોય,
રાવણ-દુર્યોધન સમા નવ થાશો જગમાં કોઈ.
સો વાતોનો એક જ સાર, ગર્વ તજી ભજવા કીરતાર,
સાર તણો છે એક જ સાર, પ્રભુ ભજી ઉતરો ભવપાર.
... જય જય શ્રી સત્યદેવ. ૬.

રાજાએ વાત વિચારી ને ગયો તુરત જ્યાં ગોવાળ,
ભેગા કરી સહુ બાળને પ્રીતે પૂજ્યા શ્રીગોપાળ.
યથા વિધિ ત્યાં પૂજન થાય, આનંદ મંગલ ઉત્સવ થાય,
લાગે પ્રભુને રાજવી પાય, ગોવાળ સંગે પ્રસાદ ખાય.
... જય જય શ્રી સત્યદેવ. ૭.

**મહાપ્રસાદ મહિમા :**

આ દેહ ગંદો જાણવો ભર્યું હાડ, માંસ, રૂધિર,
એથી નથી ગંદી અરે, બીજી કોઇ ચીજ જરૂર,
શ્રદ્ધાનો મોટો મહિમાય, શ્રદ્ધાથી સૌ કામ જ થાય,
ઝેર તણું અમૃત થઇ જાય, પીધું જુઓને મીરાંબાઇ.
... જય જય શ્રી સત્યદેવ. ૮.

શુષ્કં[1], પર્યુષિતં[2] વાડપિ, નીતં વા [3]દૂર દેશત:
પ્રાપ્તિ માત્રેણ ભોક્તવ્યં નાત્ર કાલ વિચારણા ।
ન દેશ નિયમસ્તત્ર ન કાલ નિયમસ્તથા
પ્રાપ્તમન્નં દ્રુતં શિષ્ટૈ ભોક્તવ્યં હરિરબવીત્ ॥

(સૂકો, વાસી, દૂરથી આવેલો પ્રસાદ પ્રાપ્તિ થતાં દેશકાળના નિયમ જાણ્યા વિના તરત જ હરિનું નામ લઈ ખાઇ જવો.)

વ્રતપ્રભાવે રાજવી થયો સુખીયો ફરીથી ત્યાંય,
આ લોકનું સુખ ભોગવી પછી ગયો સ્વર્ગની માંય.
છે વ્રતનો આવો મહિમાય, પાપી જન પાવન થઇ જાય,
સુખ-શાંતિના દિવસો જાય, ગોવિંદના ગુણલા એ ગાય.
... જય જય શ્રી સત્યદેવ. ૯.

૧. સુકો. ૨. વાસી. ૩. દૂરથી આવેલો.

આવ્યો જમાનો આકરો આ, ઘોર કળિયુગ જાણ,
ભાવે ભજો ભગવાનને મૂકી બીજી ખેંચાતાણ.
મિથ્યા છે આ સહુ સંસાર, મારું-તારું મિથ્યા ભાર,
અંતે જાવું જમને દ્વાર, મૂકીને અહીં ધનભંડાર.
... જય જય શ્રી સત્યદેવ. ૧૦.

કેશવ-કીર્તનથી મળે છે નક્કી પદારથ ચાર,
એમાં જરા શંકા નથી જો પાળે ધર્મ-આચાર.
દેશ તજવો, નવ તજવો વેષ, સજ્જનને શું કે'વું વિશેષ?
ભારત જેવો ઉત્તમ દેશ, ફરી મળે નહિ, નહિ અંદેશ.
... જય જય શ્રી સત્યદેવ. ૧૧.

કહી કથા સત્ય દેવની જે અલ્પમતિ, વિસ્તાર,
હંસવૃત્તિ રાખજો થૈ શ્રોતાજન ઉદાર.
નિર-ક્ષીર નો સમજી ન્યાય, **પાપીગણુ** પણ પાવન થાય,
એવી રીતે કહી કથાય, પૂરો થયો પંચમ અધ્યાય.
... જય જય શ્રી સત્યદેવ. ૧૨.

**શ્રી સત્યનારાયણ દેવ કી જય ।**

**શ્રી સદ્‌ગુરુદેવ કી જય ।**

**શ્રી કૃષ્ણ કનૈયાલાલ કી જય ।**

**સિયાવર રામચંદ્ર કી જય ।**

**ઇતિ શ્રી સ્કંદપુરાણે રેવાખંડે શ્રી સત્યનારાયણ વ્રતકથાયાં પંચમોऽધ્યાયઃ સંપૂર્ણમ્ ।**

**ૐ નમઃ પાર્વતીપતયે હર હર મહાદેવ હર ।**

# દશાવતારની આરતી

જય વૈકુંઠધિ શ્યામ પ્રભુ (૨)
ગૌ લોક ગોકુળવાસી ગોપાળ લાલજી શ્યામ. ...જય. (૧)

પ્રથમે મચ્છારૂપ, મોહન મનુરાજા તાર્યો;
બીજો કચ્છપરૂપે, મેરુ પીઠ ઉપર ધાર્યો. ...જય. (૨)

ત્રીજે વરાહરૂપ માર્યો, હિરણ્ય કંસ પાપી;
ચોથે નરસિંહરૂપે, ભક્તિ પ્રહ્લાદને આપી. ...જય. (૩)

પાંચમે વામન વેશ, ભિક્ષા બલી રાજાની લીધી;
છઠ્ઠે પરશુરામે, પૃથ્વી નક્ષત્રિ કીધી. ...જય. (૪)

સાતમે શ્રી રઘુનાથ, રાવણ કુંભકર્ણ રોળ્યા;
આઠમે શ્રી કૃષ્ણે, આહિર જાદવને પાળ્યા. ...જય. (૫)

નવમે બુદ્ધસ્વરૂપ ધરજો, સેવક સુખ કરવા;
દશમે કલકી અવતાર ધરજો કળિયુગને હરવા. ...જય. (૬)

દશાવતારની આરતી માતા કૌશલ્યા ગાવે,
માતા જશોદાજી ગાવે,
દેવકીનંદન પ્રગટ્યા વિશ્વનાથ ગાવે. ...જય. (૭)

❀

# કૃષ્ણ ભગવાનની આરતી

જય કાના કાળા પ્રભુ જય કાના કાળા,
મીઠી મોરલીવાળા ગોપીના પ્યારા.
કામણ ગારા કા'ન કામણ બહુ કીધા,
માખણ ચોરી મોહન ચિત ચોરી લીધા.
નંદ જશોદા ઘેર વૈકુંઠ ઉતારી,
કાલી અમરદન કિધો ગાયોને ચારી.
...જય કાના કાળા.
ગુણ તણો તુજ પાર ગાતા નહિ આવે, વ્હાલા કેમે નહિ આવે,
નેતિ વેદ પુકારે **પુનિત** શું ગાવે.
...જય કાના કાળા.

# <u>થાળ</u>

જમો જમો ને જગના સ્વામી, જમાડું તમને.

પ્રીતિનાં પકવાન, ભાવનાં ભોજન,
રસનાં રાયતાં કરી લેજો. ...જમાડું.

સ્નેહની સાકર, સ્નેહનાં ખટરસ,
ખારું તીખું કાંઈ ના કહેશો. ...જમાડું.

શબરી સુદામા ને વિદુરની ભાજી,
એવી તૃપ્તિ કરી લેજો. ...જમાડું.

નંદકુંવર વ્હાલા! કરું હું કાલાવાલા,
જગને જમાડો તમે હું શું જમાડું તમને! ...જમો.

# શ્રી સત્યનારાયણ વ્રતકથા માટે પૂજાપાની વિગત

નોંધ : પોતાની આર્થિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, મનને આનંદ રહે અને ઘરમાં આનંદ પ્રવર્તે તે રીતે ફેરફાર કરી શકાશે.

પૂજનમાં બેસનારે ઉપવાસ કરવો. પુરુષે ધોતિયું અને સ્ત્રીએ સાડી પહેરવાં.

## ૧. પૂજાપો

૧. કંકુ
૨. ચંદન
૩. સિંદૂર (૧૦ ગ્રામ)
૪. અબીલ (૧૦ ગ્રામ)
૯. એલચી (૫ ગ્રામ)
૧૦. લવિંગ (૫ ગ્રામ)
૧૧. શ્રીફળ (એક)
૧૨. જનોઇ (બે જોટા)

૫. ગુલાલ (૧૦ ગ્રામ)
૬. નાડાછડી (૨૫ પૈસાની)
૭. ડીંટાંવાળાં કપૂરી પાન (દસ)
૮. સોપારી (૧૫)
૧૩. અત્તરની શીશી (આલ્કોહોલ વિનાની)
૧૪. કપૂરની ગોટી
૧૫. ધૂપ
૧૬. અગરબત્તી

## ૨. ફૂલ-ફૂલહાર

૧. ફૂલ (ઋતુ પ્રમાણે) (ગુલાબ, મોગરો, હજારી ગોટા વગેરે)
૨. ફૂલના હાર
૩. ફૂલની પાંદડી
૪. તુલસીપત્ર
૫. બીલીપત્ર
૬. ધરો
૭. કેળના સ્તંભ (૪ નંગ)
૮. આસોપાલવના તોરણ

**૩. વસ્ત્ર**

૧. અંગૂછો -લાલ
(ગણપતિજી માટે)
૨. બે નવા નેપ્કિન (દેવને લૂછવા)

**૪. પ્રસાદ**

૧. ફળ-ફળાદિ
૨. શીંગદાણા, સાકરિયા
૩. શીરા માટે સવા શેર રવો અથવા ઘંઉનો લોટ, અને દૂધ પાંચ શેર. ઈલાયચી અને લાલ દ્રાક્ષ.

**ઘરમાંથી મળતી વસ્તુ :**

૧. નર્મદાજળ-ગંગાજળ
૨. ચોખા (સવા શેર)
૩. ઘઉં (સવા શેર)
૪.પંચામૃત (દૂધ, દહીં, ઘી, મધ, સાકર)
૫. ઘીમાં બોળેલી ઊભી દિવેટ-૧૫

૬. દીવાસળીની પેટી

૭. ઘીની ડબ્બી
(ચમચી સાથે)

૮. બે નેપ્કિન (હાથ લૂછવા)

૯. દીવા માટેનું ફાનસ
અથવા તપેલી અને ચાળણી

૧૦. પાણીનો ઘડો

૧૧. ઘી-ગોળ

## ૫. વાસણો વગેરે (ઘરમાંથી)

૧. ઘંટડી

૨. શંખ

૩. આરતી-એક દિવેટની-
(ગણપતિ માટે) અને
બીજી થાળીમાં શણગારેલી

૪. આસનિયાં

૫. બાજઠ, ટિપાઇ વગેરે

૬. ત્રણ- ચાર થાળી, છ
વાટકી, ત્રણ- ચઢ
ઊતરની તપેલી

૭. તરભાણું, પવાલી,
આચમની

૮. પડિયા (દસ)

## <u>ભજન: ૧</u>

# ઘરમાં મથુરા ને ઘરમાં વૃંદાવન

ઘરમાં મથુરા ને ઘરમાં વૃંદાવન ઘરમાં છે ગોકુળગામ,
હવે મારે નથી જવું વૈકુંઠધામ.

નિત્ય સવારે વહેલા ઊઠીને લેવું પ્રભુનું નામ (૨)
માતાપિતાની મારે સેવા કરવાની, કરવા છે નિત્યે પ્રણામ.
...હવે. ૧.

સેવા-સ્મરણ એ જીવનનાં અંગ છે, અંતે ઠરવાનાં ઠામ (૨)
જન સેવા ને પ્રભુ સેવા મારે કરવી થઈને નિષ્કામ. ..હવે. ૨.

માતાપિતાની આજ્ઞામાં મારે અડસઠ તિરથ ધામ (૨)
નાના મોટાના ભેદ ભાવ ત્યજીને મારે જાતે કરવા સહુ કામ.
...હવે. ૩.

સમય મળે ત્યારે સત્સંગ કરવો, કરવા દુ:ખિયાનાં કામ (૨)
રાધે-ગોવિંદનું રટણ લગાવું, રટવા છે સીતારામ. ...હવે. ૪.

ગુરુકૃપાની અમૃતવર્ષા વરસે છે આઠો યામ (૨)
**પાપીગણુ**ને રહ્યો પસ્તાવો ના જરી સદા આનંદ ને આરામ.
...હવે. ૫.

●

## <u>ભજન: ૨</u>

# જાગો જાગો હે રણછોડ રાયા!

જાગો જાગો હે રણછોડ રાયા!
રંગ ભક્તો સૌ મંદિરિયે આવ્યા. ...ટેક.
તારા પ્રેમની લગાડી તેં માયા. ...રંગ.

તમે ડાકોરના ઠાકોર ગણાઓ,
તમે રાજા મહારાજા મનાઓ,
જાગો જાગો જશોદાના જાયા. ...રંગ.
(ધૂન: ગોવિંદ જય જય ગોપાલ જય જય)

તમે દ્વારિકાથી ડાકોર આવ્યા,
તમે રણછોડરાય કહેવાયા,
તમે સવા વાલ વાળીથી તોલાયા. ...રંગ.
(ધૂન: ડાકોરમાં કોણ છે રાજા રણછોડ છે)

સૂણો પાપીગણુના કાલાવાલા,
જાગો જાગો હો નંદજીના લાલા,
પ્રભુ જાગ્યા ને ભક્તો હરખાયા. ...રંગ.
(ધૂન: શ્રીકૃષ્ણ ગોવિંદ હરે મુરારે)

●

## ભજન: ૩

# આશાતણા મુજ તાંતણા

આશા તણા મુજ તાંતણા જો જો પ્રભુ! તૂટે નહિ,
તારી અને મારી પ્રીતિનાં બંધનો છૂટે નહિ;
માગું પ્રભુ હું એટલું દિન-રાત તુજને હું સ્મરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

સ્હેવાય ના, કે’વાય ના, વળી વાત જાહેર થાય ના,
હૈયા તણા આ ઉમળકાનો કોયડો ઉકેલાય ના;
તુજ કાજ છોડું સર્વને તુજ કાજ છેવટમાં મરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

હું-તું નથી જુદા છતાં, જુદાઈ છે માયા તણી,
સંસારની ભુલભુલવણી છે ભુલવણી કાયા તણી;
પણ ગુરુ-કૃપા મુજ પર થતાં જંજાળથી ઝટ નીસરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

**પાપીગણુ** પાપી રહ્યો ને, પતિતપાવન તું રહ્યો,
સોંપ્યું જીવન તુજ હાથમાં હું બેફીકર ફરતો રહ્યો;
વીસરે નહિ તુજ નામ રસના સ્મરણ તુજ નવ વીસરું,
બસ, તું મને જોયા કરે ને હું તને જોયા કરું.

●

# શ્રી સત્યનારાયણ વ્રતકથા રહસ્ય

- ડૉ. પ્રિ. દિનેશ ગ. ઉપાધ્યાય

ભારત એ સમગ્ર વિશ્વ-સંસ્કૃતિ ગંગાની ગંગોત્રી છે, જે સમસ્ત જન સમાજના ઉત્થાન અને કલ્યાણ માટે હિતકારી અને પાવનકારી સિદ્ધ થઇ છે. સંસ્કૃતિ એ સમુચ્ચયવાચક શબ્દ છે, જેમાં અનેક નાની મોટી મૂલ્યવાન બાબતો ભંડારાયેલી છે. વ્રતકથા તેમાંની એક છે. વિવિધ પ્રકારની કથાઓ દ્વારા જ્ઞાન પ્રદાનની પુરાણી પદ્ધતિ આપણી વિશેષતા છે. જ્ઞાન-પ્રસારનું માધ્યમ સંવાદ છે. પરસ્પર થતા સંવાદને કારણે વાતાવરણ આત્મીયભર્યું અને જીવંત બને છે.

સંવાદપદ્ધતિ વિશ્વસ્વીકૃત અસરકારક પ્રશ્નોત્તરી પદ્ધતિ છે, જે કથા વાર્તાના કેન્દ્રમાં રહેલી છે. ગીતામાં પણ નમીને, પ્રશ્નપૂછીને, સેવીને જ્ઞાન પામ તું એમ સૂચવાયું છે તે યથાર્થ છે.

આપણી સંસ્કૃતિ કથાવ્રત અને જપ-તપને વરેલી સંસ્કૃતિ છે. અનેક વ્રતકથાઓમાંની ઘેર ઘેર ઊજવાતી સરળ અને રસપ્રદ વ્રતકથા તે સત્યનારાયણ વ્રતકથા. આ સત્યનારાયણની કથા નથી, પરંતુ સત્યનારાયનું વ્રત કરનારની કથા છે. સંસારી માનવ જગતને સત્ય એ જ નારાયણ છે સત્ય એ જ પરમેશ્વર છે, એવો બોધ આપનારી

આ કથામાં સમાજના ચારેય વર્ગોને સ્થાન આપવામાં આવ્યું છે. 'ચતુર્વણં મયા સૃષ્ટં ગુણ કર્મ વિભાગશઃ'નો સાચો અર્થ આ કથામાં પ્રત્યેકના સ્વભાવ દ્વારા થતા વ્રતપૂજનનાં વર્તનમાં દેખાય છે. આ વ્રત ક્થાનું સાચું રહસ્ય જાણવું, સમજવું અને અનુભવવું એ જ સાચું કર્તવ્ય છે; તેથી જ આ રહસ્યને અત્રે સ્થાન આપ્યું છે.

**સત્યનારાયણ:**

સત્ય અને નારાયણ એમ બે શબ્દોનો બનેલો સામાસિક શબ્દ છે. સત્ય એ જ નારાયણ, સત્યરૂપી નારાયણ એવા અર્થ થાય છે. સત્ય શબ્દમાં મૂળ શબ્દ અસ, હોવું, થવું છે.

સત્ય એટલે જે હંમેશ હોય છે, થાય છે તે. જે શાશ્વત્ છે તે સત્ય; જે ક્ષણિક, અશાશ્વત્ છે તે અસત્ય. નારાયણમાં નૃ, નર, નાર મૂળ શબ્દ છે. પરમાત્માથી ઉત્પન્ન થયેલા જીવ તે નાર, સર્વ જીવોનો સમૂહ, સર્વ આત્માઓનો સમૂહ તે નારાયણ, નારાયણનું શાશ્વતપણું તે જ સત્યનારાયણ.

આ કથામાં સત્યનારાયણ એટલે વિષ્ણુ ભગવાનનું નિર્ગુણ સ્વરૂપ. વિષ્ણુ ભગવાનને જગતના પાલનકર્તા માનવામાં આવ્યા છે. આ કથા સ્કંદપુરાણના રેવાખંડમાંથી લેવામાં આવી છે, એવો કથાના પ્રત્યેક અધ્યાયને અંતે ઉલ્લેખ થયેલ છે. આ કથાના સંવાદના પાત્રો છે શ્રીવ્યાસજી ઋષિઓ, સુતપુરાણી, શ્રીભગવાન વિષ્ણુ અને નારદજી.

આપણા તનનો અને મનનો જે થાક ઉતારે તે કથા. કથા શબ્દને ઊંધેથી વાંચીએ તો થાક શબ્દ થાય. કહેવાયેલી વાત તે જ કથા.

## કથાના પ્રારંભની વિશેષતા:

કોઇ એક સમયે-પ્રસંગે નૈમિષારણ્યમાં શૌનક વગેરે ઋષિઓએ સુતપુરાણીજીને એક પ્રશ્ન પૂછ્યો ત્યાંથી આ વ્રત કથાનો પ્રારંભ થાય છે. સુતપુરાણીએ જે જવાબ આપ્યો તે પોતાનો નથી. જે જવાબ વિષ્ણુ ભગવાને નારદે પૂછેલા પ્રશ્નનો આપ્યો હતો, તે જ જવાબ સુતપુરાણી આપે છે. અન્યના અનુભવને, તેમના કથનને આગળ કરી, પ્રાધાન્ય આપી,

પોતાના અહંને ગૌણ ગણવામાં જ વિશેષતા રહેલી છે. દરેક કથાની આ વિશેષતા છે. આ વ્રતકથાનો પ્રારંભ પણ એ રીતે જ થાય છે.

**સનાતનપ્રશ્ન:**

ઋષિઓએ અને નારદે પૂછેલો પ્રશ્ન એક જ છે. જે સનાતન પ્રશ્ન છે. કયા વ્રત અને તપ કરવાથી મૃત્યુલોકના સંસારી જીવોને મનવાંચ્છિત ફળ મળે? આ પ્રશ્નનો વિચાર કરતાં જપ, તપ, વ્રત, પૂજા-પાઠ કરવાનું સ્વીકારાયેલું છે. તેમ કરવાથી દેવ પ્રસન્ન થાય અને મનવાંચ્છિત ફળ આપે છે, એ સિદ્ધાંત કેન્દ્રમાં રહેલો છે.

આના જવાબમાં બંને તરફથી સત્યનારાયણ દેવનું વિધિપૂર્વક પૂજન કરવાનું કહેવામાં આવ્યું છે. શી વિધિથી કેવી રીતે પૂજન કરવું તેની વિગતે માહિતી નથી. છતાં બ્રાહ્મણો, સ્વજનોને બોલાવી, યોગ્ય પ્રસાદ કરી, ભજન-ભોજન કરાવવામાં સૂચન છે. પૂજનની ટૂંકી વિધિ બધા જાણે જ છે.

**પ્રશ્નનું કારણ:**

નારદજીના પ્રશ્નનું કારણ મૃત્યુલોકના વિવિધ યોનિના, નાના મોટા કલેશથી અને સ્વકર્મથી દુ:ખી થતાં લોકોના દુ:ખનું નિવારણ છે. નારદજી માટે સામાન્ય લોકોના દુ:ખનો પ્રશ્ન ચિંતાનો વિષય બને છે. બીજા પર અનુગ્રહ કરવાની

ઇચ્છાવાળા નારદજી પરાનુગ્રહાકાંક્ષી હતા સમાજ સેવક હતા, વ્યવહારુ અને બુદ્ધિશાળી, ચતુર હતા. એમનો પ્રશ્ન સનાતન પ્રશ્ન બન્યો, આ દુઃખી થતાં લોકોના ચાર પ્રકાર બતાવ્યા છે. ગીતામાં કહ્યું છેઃ 'ચતુર્વર્ણ મયા સૃષ્ટં ગુણકર્મ વિભાગશઃ' દરેક વ્યક્તિ જન્મથી નહિ પણ ધંધો, વેપાર, સંસ્કારથી તે જ્ઞાતિની ગણાય છે. જન્મથી બધા જ શુદ્ર છે સંસ્કારથી બ્રાહ્મણ બને છે. આ વ્રત કથામાં ચાર જણાએ વ્રત પૂજન કર્યું. કોણે કોણે અને કેવી રીતે તે કર્યું તે સમજવાનું છે.

**પહેલી કથા બ્રાહ્મણે કરી:**

નિર્ધન, દુઃખી ભિક્ષા માગતાં બ્રાહ્મણને બ્રાહ્મણ સ્વરૂપે આવેલ વિષ્ણુ ભગવાને દુઃખનું કારણ પૂછી, વ્રતપૂજન દ્વારા નિવારણ બતાવ્યું. અન્યને દુઃખ પૂછી તેની પ્રત્યે સહાનુભતિ બતાવી, તેની સમાન કક્ષાએ જ્ઞાન પ્રદાન સરળ બને છે તેથી સ્વરૂપ બદલ્યું. ગરુડજીને કાકભુશંડી જ જ્ઞાન આપી શક્યા નિવારણના ઉપાયો બતાવનાર એ જ ભગવાન, એ જ સંત, એ જ માનવધર્મ, બ્રાહ્મણને નિવારણના સાધનની જાણ થતાં જ નિશ્ચય કર્યો. ભિક્ષામાં જે મળે તેમાંથી વ્રતપૂજન કરવાનું નક્કી કરનાર બ્રાહ્મણને રાત્રે ઊંઘ ન આવી. દેવકાર્ય કરવામાં

ઊંઘ ઊડી જાય, તાલાવેલી જાગે ત્યારે, યોગક્ષેમનું વહન ખુદ પરમાત્મા જાતે કરે છે. બ્રાહ્મણને બીજે દિવસે ભિક્ષામાં પ્રચૂર, પુષ્કળ ધન મળ્યું એ શ્રદ્ધાનું ફળ છે. એટલે જ કહ્યું છે કે, કોઈનો ભાર ન રાખે મુરારી, આપે વ્યાજ સહિત વનમાળી.

**બીજી કથા કઠિયારાની:**

આદિવાસી ભીલ જાતિના લોકો લાકડાં કાપીને, વેચીને ગુજરાન ચલાવતા તે કઠિયારા. આવો એક કઠિયારો તૃષાતુર થયેલો તે જલપાન કરવાની ઈચ્છાથી એક બ્રાહ્મણને ત્યાં જઇ ચઢ્યો. બ્રાહ્મણ સત્યનારાયણનું વ્રતપૂજન કરતો હતો. જ્ઞાનતૃષાતુર કઠિયારાએ બીજા દિવસની આવકમાંથી આવું

વ્રતપૂજન કરવાનો મનોમન નિશ્ચય કર્યો. બીજે દિવસે ધાર્યા કરતાં બમણી આવક થઈ અને તરત જ કઠિયારાએ ઘરે જઈ કુટુંબ પરિવાર સહિત વિધિપૂર્વક વ્રતપૂજન કર્યું. પોતે કરેલા નિશ્ચયનું પ્રામાણિકતાથી પાલન કર્યું, એજ સત્યનારાયણનું વ્રત, એજ પૂજન. કઠિયારાએ પણ બ્રાહ્મણના જેમ વિના શરતે ભક્તિપૂર્વક વ્રતપૂજન કર્યું. સદ્‌વિચસારથી સદ્‌વર્તન થાય એ જ સત્ય નારાયણદેવની સાચી પૂજા.

**ત્રીજી કથા વાણિયાની:**

સાધુ નામના વાણિયાએ રાજાને વ્રતપૂજન કરતા જોયા. સંતતિની ઇચ્છાથી એણે પણ રાજાના જેમ વ્રતપૂજન કરવાનો

નિશ્ચય કર્યો. ઘરે જઇ પત્નીને વાત કરી. તેની પત્ની ગર્ભવતી થઇ, ઘરે પુત્રી જન્મી. તેનાં લગ્ન થયા, જમાઇ સાથે વેપાર કરવા ગયા, પણ વ્રતપૂજનની વાત ઠેલ્યા કરી. પત્નીએ યાદ કરાવ્યું તેને પછી કરીશું કહીને સધ્યારો આપ્યા કર્યો અને કરેલા નિશ્ચયને ઠેલ્યા કર્યો.

માનવ તરીકે આપણે વિવિધ પ્રકારના ઋણમાંથી મુક્ત થવાનું છે, જેમાં દેવઋણ અગત્યનું ઋણ ગણાય છે. વાણિયાએ દેવઋણને, પોતાના નિશ્ચયને મહત્ત્વ ન આપ્યું. સાંસારિક સુખ-વૈભવમાં દેવપૂજનની લીધેલી પ્રતિજ્ઞાને અવગણી. પરિણામે, દેવ કોપાયમાન થયા. વેપાર કરવા

ગયેલા ત્યાં ચોરીનું આળ આવ્યું. જેલમાં ગયા, કેદી થઇને દસ બાર વર્ષ રહ્યા. તેના ઘરે ચોરી થઇ. જીવન નિર્વાહની સમસ્યા ઊભી થઇ. મા-દીકરીને ભીખ માંગવાનો વારો આવ્યો.

કલાવતી મોડી રાતે કથાનો પ્રસાદ લઇને આવી અને લીલાવતીને પોતાના પતિએ લીધેલ પ્રતિજ્ઞા યાદ આવી. એમણે વ્રતપૂજન કર્યું અને દેવે વાણિયા સસરા જમાઇને છોડવા રાજાને સ્વપ્ન આપ્યું અને ધન ભંડાર ભરીને ગામ જવા રવાના કર્યા. રાજાએ પસ્તાવો જાહેર કર્યો.

દંડીસ્વામીના સ્વરૂપે આવેલા ભગવાને વાણિયાની સત્યપ્રિયતાની કસોટી કરવા પૂછ્યું: “આ બધાં વહાણમાં શું

ભર્યું છે?” વાણિયાએ મશ્કરી કરી અને “ડાખળાં-પાંદડાં છે” એમ કહ્યું. તરત જ સ્વામીએ “તથાસ્તુ” કહ્યું અને એના વહાણમાં ડાખળાં-પાંદડાં થઇ ગયાં. આ પ્રસંગ પરથી એ બોધ લેવાનો છે કે આપણા જીવનમાં ઘણી વાર અતિથિ કે ભિક્ષુક આંગણે આવે અને માગે ત્યારે અહીં કોઇ નથી એવું કદી નહિ કહેવું. ન આપવું, મૌન રહેવું અથવા પ્રેમથી ના કહેવી; નહિતર કોઈ વાર તથાસ્તુ પણ થઇ જાય. જમાઇએ સસરાએ સ્વામીની માફી માગી, પ્રાયશ્ચિત કરવા કહ્યું. એનું નિવારણ કરવા તેણે તેમ કર્યું અને પાછા વહાણમાં ધન આવી ગયું.

**પ્રસાદનો મહિમા :**

પ્રસાદ એટલે કૃપા. દેવની કૃપાના પ્રતીક તરીકે પૂજામાં ખાદ્ય સામગ્રી મૂકી, દેવને ધરાવી પછી તે સામગ્રીને પ્રસાદ કહેવામાં પણ આવે છે, જે બધાને વહેંચવામાં આવે છે. પૂજા કરનાર પણ લે છે. પ્રસાદ એ વિશ્વાસનું, શ્રદ્ધાનું, કૃપાનું પ્રતીક છે.

૦ કલાવતી કથામાં ગએલી તે મોડી આવી ત્યારે માતાએ કારણ પૂછ્યું. પુત્રીએ પ્રસાદ બતાવી ખાત્રી કરાવી કે કથા સાંભળવા રોકાઈ હતી. માતાને વિશ્વાસ બેઠો.

૦ પ્રસાદ જોતા જ લીલાવતીને પોતાના પતિએ સત્યનારાયણનું વ્રતપૂજન કરવાનો નિશ્ચય યાદ આવ્યો.

૦ પૂજન કરતી કલાવતીએ પિતા-પતિ આવ્યાના સમાચાર જાણી પ્રસાદ લીધા વિના મળવા ગઈ તો તેમનું વહાણ અદૃશ્ય જણાયું. દેવપૂજામાં સાંસારિક બાબતને અગ્રિમતા આપી, દેવકાર્યની અને પ્રસાદની અવગણના થાય તો જીવન સાગરમાં પોતાની અપેક્ષાનાં વહાણ ડૂબે છે. પ્રાયશ્ચિત તરીકે પૂજા કરી, પ્રસાદ લેવાથી દેવકૃપા જેના પર ઊતરે તેના વહાણ તરે છે.

૦ ઊંચનીચનો ભેદ રાખી ગોવાળિયાએ આપેલા પ્રસાદનો અસ્વીકાર કરનાર રાજા દુ:ખી થયો. પ્રાયશ્ચિત કરતાં ફરી સુખી થયો.

**ચોથી કથા રાજા-ગોવાળિયાની :**

જંગલમાં શિકારે ગએલા રાજાએ ગોવાળિયાઓને પૂજન કરતા જોયાં. અભિમાની, જાતિભેદમાં માનનાર રાજાએ પૂજનને આદરથી જોયું નહિ. ઉલટાનું પ્રેમ, માનથી, ગોવાળિયાઓએ પ્રસાદ આપ્યો ત્યારે અસ્વીકાર કર્યો, અવગણના કરી. રાજા પર દેવકોપ થયો. રાજાને મનોમન પશ્ચાતાપ થયો. અંતરમાં અવાજ થયો. પાછા ગોવાળિયાના પૂજનમાં હાજરી આપી, પ્રસાદ લીધો અને રાજા દુ:ખમુક્ત થયો.

કોઇ પણ ધર્મકાર્ય, દેવકાર્ય થતું હોય ત્યાં સ્વયં જવું જોઇએ. આમંત્રણની અપેક્ષા રાખવી યોગ્ય નથી. માન-અભિમાન,

હોદ્દો-પદ, જાતિભેદ ભૂલી જઈ, માનપૂર્વક હાજરી આપી, સહકાર આપવો, ભાગ લેવો. દેવકાર્યમાં ઊંચનીચના ભેદ નથી હોતા. પરસ્પર દેવો ભવની ભાવનાથી રહેવું જોઈએ, એવો બોધ આ કથામાંથી મળે છે. કૃષ્ણ અને ગોવાળિયા, રામ-શબરી, નિષાદ-વશિષ્ઠ, કૃષ્ણ-સુદામા જેવા અનેક સંબંધો યાદ રાખવા જોઈએ.

આમ, જીવનમાં સત્યને દેવ, પરમેશ્વર માની તેને પાળવાનું વ્રત લેવું, તેનું પૂજન કરવું અને પ્રામાણિકતાથી કરેલા નિશ્ચયને યાદ રાખી અમલ કરવો, સતકાર્યને ઠેલવું નહિ. દેવકાર્યને પ્રથમ સ્થાન આપી, પ્રસાદનું મહત્વ સમજવું,

અવગણના કરવી નહિ. દેવકાર્યમાં, દેવસ્થાનમાં જાતિભેદ કે પદભેદને સ્થાન હોવું નહિ જોઈએ. આ બધી વાતનો બોધ સમાજના ચાર પ્રકારની વ્યક્તિ દ્વારા આપવામાં આવ્યો છે આ સમજીએ અને યોગ્ય અમલ થાય તેમ કરીએ એ જ આ જાણીતી સત્યનારાયણ વ્રત કથાનું સાચું રહસ્ય છે અસ્તુ.

●

(અનુસંધાન ટાઈટલ પેજ ૪ નું)

ધાર્યું તે થાવાનું મારી વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા, વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત, એવો દિ' દેખાડ !! એવો...૪

રૂપરૂપે તું અરૂપી રંગ એ નિર્ધાર !
વ્હાલા રંગ એ નિર્ધાર !
ગોત્યું જડે ન હું ક્યાંયે, એવો દિ' દેખાડ !! એવો...૫

રંગ અવધૂત

# એવો દિ'

એવો દિ' દેખાડ વ્હાલા ! એવો દિ' ઉગાડ !!
દેખું તારું રૂપ બધે, એવો દિ' દેખાડ !!
ભૂલાવી હું-મારું હું ને તારામાં ડૂબાડ; ટેક
વ્હાલા, તારામાં ડૂબાડ !
તું-તારામાં ભેદ ન દેખું, એવો દિ' દેખાડ !! એવો...૧

જુગજૂનાં બંધ નૈનાં, કાંઈ તો સૂઝાડ !
વ્હાલા કાંઈ તો સૂઝાડ !
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ' દેખાડ !! એવો...૨

આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર;
વ્હાલા, રાચું મન મોઝાર !
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ' દેખાડ !! એવો...૩

(અનુસંધાન ટાઈટલ પેજ ૩ ઉપર)